જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૨૩/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૫૦ | ૫ | ૧૧૦૫૫ | ૧૭૧૮૧ | ૫ | ૧૭૧૮૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૨ | ૧ | ૪૬૮૩ | ૬૨૦૫ | ૧ | ૬૨૦૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૩૨૫૫ | ૪૩૭ | ૨૩૬૯૨ | ૨૪૪૫૧ | ૪૨૦ | ૨૪૮૭૧ |
| કુલ | | ૩૯૦૪૯ | ૪૪૩ | ૩૯૪૯૨ | ૪૮૦૯૭ | ૪૨૬ | ૪૮૫૨૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦૭ | ૧૪,૨૮,૭૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૧૦ | ૩૯,૧૦,૦૦૦/- |

# ગુમ થયેલ બાળક શોધી તેના વાલીનો મિલાપ કરાવવા બાબત

## નરોડા પોલીસ સ્ટેશન

## ગુમ થયેલ નાના બાળકને શોધી કાઢી તેના વાલી વારસને પરત સોપતી નરોડા પોલીસ

નરોડા નાનાચીલોડા ખાતે આવેલ સુર્યનગર રો-હાઉસ, સંજયનગર ખાતે રહેતા નંદકિશોર પ્યારચંદ કુમાવત ઉ.વ.30 ધંધો: નોકરી, રહે: સુર્યનગર રો-હાઉસ, સંજયનગર પાસે, નાના ચીલોડા, નરોડા, અમદાવાદ શહેર નાઓનો દીકરા સાહીલ ઉ.વ.૯ વર્ષ ૧૧ માસનાનુ ઘરેથી કોઇ અપહરણ કરી લઇ ગયેલ છે જે બાબતે નરોડા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. એ-૧૧૧૯103૫૨03022/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૬૩ મુજબ ગુનો દાખલ થયેલ બાદ સદર ગુના સબંધે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.શ્રી એ.એમ.પટેલ તથા સર્વેલન્સસ્કવોડ ની અલગ અલગ ટીમ બનાવી ખંત પુર્વક સમગ્ર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તથા મળી આવે તે તમામ જગ્યાએ તપાસ કરવામાં આવેલ અને સર્વેલંસ ટીમના તથા પી.આઇ.પર્સનલ સ્ટાફ ના અથાઘ પ્રયત્નો બાદ સૈજપુર ફદેલી ખાતેથી બાળકને શોધી કાઢી તેની માતા નામે દીપીકા વા/ઓ ભાવેશકુમાર રાજેશભાઈ ધુમાલ ઉ.વ.૩૦ ધંધો: ઘરકામ, રહે: ખેમાભાઈ ભરવાડના મકાનમાં, શક્તિ ચોક, ફદેલી, સૈજપુર, અમદાવાદ નાઓને પરત સોપી સારી કામગીરી કરેલ છે. તા.૨૪/૧૨/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા તથા જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા પો.કો. કિર્તનસિંહ વિકરમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા એલ.આર. મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર શૈલેશસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## એ.ટી.એમ. તોડવાની કોષીશ તથા ચોરી કરેલા બુલેટ બાઇક ઉપર મોબાઇલ સ્નેચીંગ કરતા કુખ્યાત આરોપી નવનીતસિંગ ઉર્ફે લવલીને સ્નેચીગ કરેલા પાંચ મોઘા ફોન તથા ચોરી કરેલા બુલેટ સાથે કુલ્લે રૂ ૦૧,૬૫,૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા સર્વેલંસ સ્કવોડ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન “નરોડા સુતરના કારખાના ત્રણ રસ્તા પાસે” આવતા સાથેના એલ.આર મયુરધ્વજસિહ અનિરૂધ્ધસિંહ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ તથા એલ.આર ધુમકેતુ આત્મારામ નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે આરોપી નામે નવનીતસીંગ ઉર્ફે લવલી સ/ઓ મનજીતસીંગ જાતે છાબડા ઉ.વ-૨૩ ધંધો-બેકાર રહે મ.નં-સી/૩૦૬,હીલોની-૪૪૪, સમર્પણ ફ્લેટની સામે,નરોડા,અમદાવાદ શહેર નાને નરોડા સુતરના કારખાના ખાતેથી પકડી તેની પાસે ના બુલેટ નો ચે.નંબર તથા એ.નંબર પોકેટ કોપમાં ચેક કરતા તેમાં અડાલજ પો.સ્ટેમાં ગુનો દાખલ થયેલાનુ જણાઇ આવેલ બાદ તેની અંગ જડતી તપાસ કરતાં (૧) એક નંબર પ્લેટ વગરની બુલેટ મો.સા. જેની કિ રૂ ૧,૦૦,૦૦૦/- ગણી શકાય તથા (૨) વીવો કંપની વાદળી કલરનો વાય-૧૧ મોડલનો હોય જેની કિ રૂ ૧૫,૦૦૦/- ગણી શકાય તથા (૨) એક કાળા કલરનો આઇફોન કંપનીનો મોબાઇલ જેની કિ રૂ ૨૫,૦૦૦/- તથા (૩) એક વાદળી કલરનો રીઅલમી કંપનીનો મોબાઇલફોન જેની કિ રૂ ૧૫,૦૦૦/- ગણી શકાય તથા (૪) એક કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઇલફોન જેની કિ રૂ ૫,૦૦૦/- તથા (૫) એક કાળા કલરનો ઇનફોકસ કંપનીનો મોબાઇલ જેની કિ રૂ ૫,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ ૧,૬૫,૦૦૦/- મુદ્દામાલ સાથે પકડેલ જે બાબતે (૧) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૨૫૪૮/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૦/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ (૩) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૬/૨૦ ઇ.પી.કો.કલમ.૪૫૪,૩૮૦,૪૨૭,૫૧૧ મુજબ તથા (૪) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૯/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ તથા (૫) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૭૧/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ તથા (૬) અડાલજ પો.સ્ટે પાર્ટ એ. ૧૧૨૧૬૦૦૧૨૦૦૪૮૨/૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ ના ગુનાના કામે લઇ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૨૪/૧૨/૨૦૨૦

## આરોપીનુ નામ

નવનીતસીંગ ઉર્ફે લવલી સ/ઓ મનજીતસીંગ જાતે છાબડા ઉ.વ-૨૩ ધંધો-બેકાર રહે મ.નં-સી/૩૦૬,હીલોની-૪૪૪, સમર્પણ ફ્લેટની સામે,નરોડા,અમદાવાદ શહેર

## આરોપીનો ગુનાહીત ઇતીહાસ...

(૧) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૨૧૭/૨૦૧૭. ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૨) સરદારનગર પોલીસ સ્ટેશન પોહી.ગુ.ર.નં-૨૦૪/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૩) મેઘાણીનગર પો.સ્ટે જા.જોગ નં-૬૧/૧૭ સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ

## કમુલાત કરેલ ગુના ...

(૧) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૨૫૪૮/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૨) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૦/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૩)નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૬/૨૦ ઇ.પી.કો.કલમ.૪૫૪,૩૮૦,૪૨૭,૫૧૧ મુજબ

(૪) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૯/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૫) નરોડા પો.સ્ટે.પાર્ટ એ.૧૧૧૯૧૦૩૫૨૦૩૦૭૧/૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩) મુજબ

(૬) અડાલજ પો.સ્ટે પાર્ટ એ. ૧૧૨૧૬૦૦૧૨૦૦૪૮૨/૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

## મુદ્દામાલ –

(૧) નંબર પ્લેટ લગાવેલ નથી જેની કિ રૂ ૧,૦૦,૦૦૦/- ગણી શકાય તથા (૨) વીવો કંપની વાદળી કલરનો વાય-૧૧ મોડલનો હોય જેની કિ રૂ ૧૫,૦૦૦/- ગણી શકાય તથા (૨) એક કાળા કલરનો આઇફોન કંપનીનો મોબાઇલ જેની કિ રૂ ૨૫,૦૦૦/- તથા (૩) એક વાદળી કલરનો રીઅલમી કંપનીનો મોબાઇલફોન જેની કિ રૂ ૧૫,૦૦૦/- ગણી શકાય તથા (૪) એક કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઇલફોન જેની કિ રૂ ૫,૦૦૦/- તથા (૫) એક કાળા કલરનો ઇનફોકસ કંપનીનો મોબાઇલ જેની કિ રૂ ૫,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ ૧,૬૫,૦૦૦/- મુદ્દામાલ રીકરવ કરવામાં આવેલ છે

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.રણજીતસિંહ પ્રતાપસિહ બ.નં.૪૯૯૦ તથા પો.કો. નરેન્દ્રસિંહ છત્રસીંહ બ.નં.૬૧૯૮ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર.અભીષેક અશ્વીનકુમાર બ.નં.૭૦૦૫.

# મોબાઈલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઇલ ચોરી કરનાર મહિલાઓને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસની અટકાયતી સ્કોર્ડ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ જી ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી **જે.આર.પટેલ** સાહેબ નાઓની સુચના આધારે અટકાયતી સ્કોર્ડ ટીમ ના ઇન્ચાર્જ અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બનેલ મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ અટકાયતી ની કાર્યવાહી કરવા સારૂ આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ ક.૨૦/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૦/૪૫ વાગે સૈજપુર ટાવર પાસે આવતા અમોને સાથેના લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ નાઓએ સંયુકત ખાનગી બાતમી હકીકત આપેલ કે “ બે સ્ત્રીઓ છળકપટ અથવા ચોરી કરી મેળવેલ મોબાઇલ ફોન લઇ બજારમાંથી આવી અત્રેથી પસાર થઇ છારાનગર તરફ જવાની છે. જેમાં એક સ્ત્રી કે જેણે શરીરે ગાજર કલરનું ટોપ તથા ગાજર કલરનો પાયજામો તથા બીજી સ્ત્રીએ વાદળી કલરનું ટોપ અને મરૂણ ડીઝાઇનવાળો પાયઝામો પહેરેલ છે ” જે બાતમી આધારે સદરી મહિલાઓને સદરી જગ્યાએ ઇન્ચાર્જ તથા સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી વોચમાં રહી ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ ઉપરોકત બાતમી વાળી મહિલાઓને સદરી જગ્યાએ સૈજપુર ટાવર તરફ આવતા મહિલા પોલીસ દ્વારા કોર્ડન કરી રોકી લઇ પંચોની હાજરીમાં અંજગડતી કરી બન્ને મહિલાઓ પાસેથી અલગ-અલગ કંપની ના પાંચ મોબાઇલ ફોન કબ્જે કરી તેઓ બન્ને મહિલાઓ પાસે મોબાઇલના પોતાની માલિકીના હોવા અંગેના આધાર પુરાવા કે બીલ હોય તો રજુ કરવા જણાવતા કોઇ સંતોષ કારક જવાબ આપેલ નહી અને કોઇ હકિકત છુપાવતા હોય અને મોબાઇલ ફોનો ની ચોરી કરેલાનૂં જણાતુ હોય જેથી તેઓને આજરો તા.૨૩/૧૨/૨૦૨૦ ના ક.૨૨/૩૦ વાગે પકડી પાડી તેઓ પાસેથી મળી આવેલ પાંચ મોબાઇલ ફોન પંચનામાં વિગતે કબ્જે કરી મહિલાઓની કોરોના ની સારવાર અંગેની તજવીજ હાથ ધરી બન્ને મહિલાઓની મહિલા પોલીસો દ્વારા કડકાયથી વધુ પૂછપરછ કરતા તેમાથી એક મોબાઇલ આદિશ્વરકેનાલ ખાતેથી ચોરી કરેલાનું જણાવેલ અને બીજો બાપુનગર પો.સ્ટે ની હદના વિસ્તારમાંથી ચોરી કરેલાનું જણાવેલ જે બાબતે કૃષ્ણનગર પો.સ્ટે પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૦૨૮૮૦/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુન્હો ડિટેકટ કરી બાપુનગર પો.સ્ટે.વર્ધી લખાવી વધુ તપાસ જારી મોબાઇલ ચોરીનો **ગુન્હો ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી સારી કામગીરી** કરેલ છે તા.૨૫/૧૨/૨૦૨૦

## આરોપીનું નામ-સરનામુ:-

(૧) દેવયાનીબેન વા/ઓ પંકજભાઇ પ્રદીપભાઇ જાતે-દીદાવાલા ઉં.વ-૨૮ ધંધો-મજુરી કામ રહે-મહાજનીયા વાસ, રામાપીરના મંદીર પાસે, નરોડા પાટીયા, નરોડા, અમદાવાદ શહેર તથા (૨) પ્રીતીકા વા/ઓ પવનભાઇ નિતીનભાઇ જાતે-ઇન્દ્રેકર ઉં.વ-૩૫ ધંધો-મજુરી કામ રહે-સદર હાલ રહે-અર્જુનનગર સોસાયટી, સત્યનારાયણ દુગ્ધાલયની બાજુમાં, કુબેરનગર, અમદાવાદ શહેર

## મુદ્દામાલ:-

(૧) સેમસંગ ગેલેક્ષી M-10 કિંમત રુપિયા-૧૦,૦૦૦/- તથા (૨) સેમસંગ ગેલેક્ષી A20 કિંમત રુપિયા-૧૨,૦૦૦/- તથા નં-(૩) ઓપો A53 કિંમત રુપિયા-૧૦,૦૦૦/- તથા (૪) વીવો કંપનીનો V-50 કિંમત રુપિયા-૨૦,૦૦૦/- તથા (૫) ઓનર કંપનીનો 6X કિંમત રૂ.૧૪,૦૦૦/- મલી કુલ્લે કિ.રૂ.૬૬.૦૦૦/- ની મત્તાના

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

અટકાયતી ટીમના ઇન્ચાર્જ અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા સાથેનો સ્ટાફ અ.હેડ.કોન્સ અતુલકુમાર મૂળજીભાઇ બ.નં-૪૦૧૬ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા વુ.લોકરક્ષક ગાયત્રીબેન દિનેશકુમાર બ.નં-૧૧૦૬૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગાર રમતા ઇસમોને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ ની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી **જે.આર.પટેલ** સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૦ ના રોજ ક.૧૩/00 થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૩/30 વાગે ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવતા અમોને સાથેના લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ નાઓએ સંયુકત ખાનગી બાતમી હકીકત આપેલ કે " ઠક્કરનગર લાભાર્થ સોસાયટી મ.નં-બી/૨૩ , ની અંદર કેટલાક સ્ત્રી-પૂરૂષ ભેગા મળી પોત-પોતાના આર્થિક ફાયદા સારૂ પૈસા પાના કોઇન થી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટ નંબર-૩૫૩/૨૦ તા.૨૩/૧૨/૨૦૨૦ ના ઇશ્યુ થયેલ વોરન્ટ આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ મકાનની અંદર રેઇડ કરી રૂમમાંથી આંઠ ઇસમો ગોળ કુંડાળા વળી એક-બીજાની નજીક-નજીક શોશીયલ ડિસ્ટન્સ નો ભંગ કરી અલગ-અલગ રકમ ના કોઇનો દ્વારા જુગાર રમતા બેઠેલ મળી આવતા આંઠેય ઇસમોને જગ્યા ઉપરથી પકડી પાડી **તા.૨૩/૧૨/૨૦૨૦ ના ક.૧૭/૧૫ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની** કાયદેસરની કાર્યવાહી કરી તપાસ દરમ્યાન જુગાર રમાડતા દક્ષાબેન મોહનભાઇ ભરવાડ રહે,મ.નં-૧૫,શક્તિનગર કઠવાડા રોડ નરોડા નાઓ રેઇડ પહેલા જગ્યા પરથી નાસી જઇ તથા પોતાના આર્થીક ફાયદા સારૂ જુગાર રમાડવા સારૂ ભાડેથી મકાન રાખનાર અર્જુનભાઇ ભરવાડ જેનુ પૂરૂ નામ સરનામૂ ખબર નથી જેઓ બન્નેને વોન્ટેડ જાહેર કરી તપાસ ચાલુ રાખી જુગારનો **ગણનાપાત્ર ક્વોલીટી** કેશ સોધી સારી કામગીરી કરેલ છે તા.૨૩/૧૨/૨૦૨૦

**આરોપીઓના નામ:-** મનોજકુમાર સઓ જગદિશચંદ વ્યાસ ઉ.વ.૬૪ રહે,મ.નં-૪/૪૭, મ્યુનિસિપલ ઓફિસર ફ્લેટ કાંકરીયા જુના ઢોર બઝાર મણીનગર અમદાવાદ શહેર + ૭ = ૮ વોન્ટેડ-દક્ષાબેન મોહનભાઇ ભરવાડ રહે,મ.નં-૧૫,શક્તિનગર કઠવાડા રોડ નરોડા અમદાવાદ તથા અર્જુનભાઇ ભરવાડ જેનુ પૂરૂ નામ સરનામૂ ખબર નથી

## મુદ્દામાલ-

અંગઝડતીમાંથી મળેલા કુલ્લે નાંણા રૂ.૧૫,૧૩૦/- તથા દાવમાંથી મળી આવેલ કોઇન નં-૦૮ તથા અંગજડતીમાંથી મળી આવેલ કોઇન નંગ-૨૬૩ તથા મોબાઇલ ફોન નંગ-૦૭ કિંમત રૂ.૧૪,૫૦૦/- તથા એક એકટીવા કિ.રૂ.૩૦,૦૦૦/- તથા ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૫૯,૬૩૦/- ની મત્તાના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**સર્વેલન્સ** પો.સબ.ઇન્સ શ્રી **વી.એમ.ગોહિલ** તથા સાથેના સ્ટાફના માણસો એ.એસ.આઇ રમણભાઇ કરશનભાઇ બ.નં-૭૭૫૨ તથા અ.હેડ.કોન્સ જીતેંન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-નં-૯૨૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ બ.નં-૫૩૧ તથા વુ.લોકરક્ષક શ્રધ્ધાબેન કાંતીભાઇ બ.નં-૮૨૯ તથા વુ.લોકરક્ષક કક્ષાકુમારી મહેંદ્રભાઇ બ.નં-૧૦૪૭૬ તથા બીજા સ્ટાફના માણસો

# પાસા અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી “આઈ” ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ “જાહેરવ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## પાસા અટકાયતી :-

વિપુલભાઇ પોપટભાઇ લુહાર **ઉ વ ૨૯ રહેવાસી કમુમીયાની ચાલી ફાયર સ્ટેશનની બાજુમાં માધવપુરા અમદાવાદ શહેર તથા મુળ વનત ગામ જસવંતપુરા તા. રાજપુર જીલ્લો ઝાલોર રાજસ્થાન**

## પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો.સ્ટે.સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૩૧/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ),૮૧, ૯૮(૨) મુજબ

## પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં- PCB/DTN/PASA/1408/2020 તા. 24/12/2020 તથા બજવણી તા.૨૪/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગે :- રાજકોટ જેલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા અનાર્મ હે કો સંજયકુમાર કડવાજી બ. નં- ૫૨૦૭ તથા અ હે કો મહેશભાઇ લાભુભાઇ બ. નં. ૪૩૧૨ તથા અ પો કો સહદેવસિંહ દિપસંગભાઈ બ. નં. ૧૨૦૬૪

## એરપોર્ટ પોલીસ સ્ટેશન

# ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ ત્રણ આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશન ની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સશ્રી આર.આર.દેસાઇનાઓએ મે.પો.કમિસાશ્રીનાઓના તરફ ત્રણેય આરોપીઓ (૧) વિરેન્દ્ર સ/ઓ હિરાલાલ કુંદનસિંહ રાજપુત (૨) નરેશ સ/ઓ નૈનારામ વૈષ્ણવ (૩) ભરત સ/ઓ આત્મારામ બાવા નાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિ સા.શ્રીનાઓઓ તમામ આરોપીઓ વિરુધ્ધ પોલીસ કમિશ્નરસાશ્રીના અનુક્રમે હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૧૪૦૫, ૧૪૦૬, ૧૪૦૭/૨૦૨૦ તા-૨૪/૧૨/૨૦૨૦ થી પાસા હુકમો થતા સદરી ત્રણેય આરોપીને અનુક્રમે જેલો પાલારા જેલ ભુજ, મધ્યસ્થ જેલ રાજકોટ તથા લાજપોર જેલ સુરત ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીઓના નામ :** (૧) વિરેન્દ્ર S/O હિરાલાલ કુંદનસિંહ રાજપુત ઉ.વ.૩૩ રહે-મ.નં.૨૫૪૩, મોટી લોધવાડ, દરીયાપુર, અમદાવાદ શહેર (૨) નરેશ S/O નૈનારામ વૈષ્ણવ ઉ.વ.૧૯ રહે-ગામ.કુકાવાવ બાગોડા,જી. ઝાલોર, રાજસ્થાન તથા (૩) ભરત S/O આત્મારામ બાવા ઉ.વ.૩૬ રહે-મ.નં.૨૬૩૩/૧૦, મેણવાડ, કુટી મસ્જીદની સામે, દરીયાપુર, અમદાવાદ શહેર

**આરોપીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ**

એરપોર્ટ પો.સ્ટે પ્રોહી.ગુ.ર નં- પાર્ટ C-11191046201901/2020

**મુદ્દામાલ-**ભારતીય બનાવટના વિદેશીદારૂનો જથ્થો કુલ્લે નાની-મોટી બોટલ નંગ-૨૮૨ કિ.રૂ.૭૯,૭૧૦/- તથા મારૂતી સુઝુકી કંપનીની SX4 ગાડી નં.GJ-01-HR-4129 કિં.રૂ.૨,૫૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ કિં.રૂ.૨૫૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૦૩,૩૨,૨૧૦/- ની મત્તા.

**મુદ્દામાલ શોધી કાઢી કામગિરી કરનાર કર્મચારીઓ-** અ.હે.કો.પુનમભાઈ છપ્પનભાઈ, અ.હે.કો.ચતુરભાઈ સોમાભાઈ, અ.હે.કો. ધનસુખભાઈ ગુલાબભાઈ, અ.લો.ર.ઉદયસિંહ સોવનજી, અ.લો.ર.ઈશ્વરભાઈ દલાભાઇ

**પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :**

પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫. અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ, અ.પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ.

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પીસીબી

## એલીસબ્રીજ પો.સ્ટે વિસ્તારમાં રહેણાંકના મકાનમા વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી નંગ-૧૫૨ કિ.રૂ. ૬૮,૬૮૪/ સાથે કુલ્લે રુપિયા ૧,૮૯,૭૮૪/- ના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સબઈન્સ. શ્રી એ.ડી.ચાવડા નાઓ માર્ગદર્શન હેઠળ તા.૨૪.૧૨.૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ જશવંતસિંહ બળદેવસિંહ અહેકો રાજેન્દ્રસિંહ જીવતસિંહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ,અહેકો મનોજભાઈ વિઠલભાઈ, અહેકો ચેતનસિંહ નટવરસિંહ અહેકો દિલીપસિંહ પૃથ્વીસિંહ તથા અપોકો પ્રિયવદન જયંતીલાલ વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો રાજેન્દ્રસિંહ જીવતસિંહ તથા અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મ.ન.ઓ/૩ કમલા એપાર્ટમેન્ટ શ્રેયસ ક્રોસીગ પાસે આંબાવાડી અમદાવાદ ખાતે રેઈડ કરતા આરોપીઓ (૧) હિતેન્દ્ર ઉર્ફે બંટી મહેન્દ્રભાઈ જૈન (૨) જીતેન્દ્ર ઉર્ફે ટીનો મહેન્દ્રભાઈ જૈન બન્ને રહે. મ.ન.ઓ/૩ કમલા એપાર્ટમેન્ટ શ્રેયસ ક્રોસીગ પાસે આંબાવાડી અમદાવાદ નાઓને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર નંગ ૧૫૨ કિ.રૂ.૬૮,૬૮૪/- મોબાઈલ ફોન નંગ-૪ કિ. રૂ.૧,૧૫,૦૦૦/- તથા રોકડા નાણા રૂ. ૬,૧૨૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કુલ્લે કિંમત રૂ.૧,૮૯,૭૮૪/- નો મુદામાલ સાથે પકડી પાડી એક આરોપીને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી એલીસબ્રીજ પો.સ્ટે. ખાતે પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)(બી),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવવા તજવીજ કરવામા આવેલ છે.

### પકડાયેલ આરોપીઓ :

(૧) હિતેન્દ્ર ઉર્ફે બંટી મહેન્દ્રભાઈ જૈન (૨) જીતેન્દ્ર ઉર્ફે ટીનો મહેન્દ્રભાઈ જૈન બન્ને રહે. મ.ન.ઓ/૩ કમલા એપાર્ટમેન્ટ શ્રેયસ ક્રોસીગ પાસે આંબાવાડી અમદાવાદ

### પકડાયેલ આરોપીઓની એમ.ઓ.:

આ કામે પક્ડાયેલ બન્ને આરોપીઓ પોતાના આર્થિક ફાયદા સારુ હલ્કી ગુણવતાવાળો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો બહારથી લાવી પોતાના રહેણાકવાળા મકાનમા સંગ્રહ કરી તે દારુને ઉચી બ્રાન્ડ વાળી વિદેશીદારુની બોટલોમા ભરી તેનુ ગે.કા.વેચાણ કરતા હતા.

## નહી મળી આવેલ વોન્ટેડ આરોપી :

(૧) મહેશ મારવાડી જેનુ પુરુ નામ સરનામુ મળેલ નથી
(૧) ભેરુજી મારવાડી રહે.વાળીનાથ ચોક નારણપુરા અમદાવાદ

## ગુનાની જગ્યા :

મ.ન.ઓ/૩ કમલા એપાર્ટમેન્ટ શ્રેયસ ક્રોસીગ પાસે આંબાવાડી એલીસબ્રીજ અમદાવાદ

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર નંગ ૧૫૨ કિ.રૂ. ૬૮,૬૮૪/- (૨) મોબાઈલ ફોન નંગ-૪ કિ.૧,૧૫,૦૦૦/- (૩) રોક્ડા નાણા રૂ.૬,૧૨૦/- (૪) ખાલી બોટલ નંગ ૨૩૫ કિ.૦૦/- (૫) ઢાકણ નંગ ૬૦ કિ.૦૦/- (૬) સ્ટીકર નંગ ૧૫૦ કિ.૦૦/- (૭) ડ્રાયવિંગ લાયસંસ કિ.૦૦/- મળી કુલ્લે રૂ.૧,૮૯,૭૮૪/- મતાનો મુદામાલ

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૩૯૨ લીટર દેશી દારૂ, ૧૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૭૩ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ઼:-** **સમાચાર યાદી નં.૨૨૨૬/૨૦૨૦**

**વેજલપુરઃ** મોહમદઈકબાલ કરામતઅલી સૈયદ (રહે. નુરે મોહમદી સોસાયટી બાગે નુર સોસાયટીની બાજુમાં ઝમઝમ ફ્લેટ પાછળ વેજલપુર) એ તા.૨૪/૧૨/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૦ બપોરના ૧૨/30 થી તા.૨૨/૧૨/૨૦૨૦ સાજના ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, એલઈડી ટીવી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,30,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**રખિયાલઃ** હીતેષભાઇ શ્યામસુંદર શુક્લા (રહે. યામિની પાર્ક નટરાજ સ્કુલ પાસે અંબિકાનગર ઓઢવ) એ તા.૨૪/૧૨/૨૦૨૦ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૦ રાતના ૯/૧૫ થી તા.૨૪/૧૨/૨૦૨૦ સવારના ૭/૪૫ વાગ્યા દરમ્યાન રખિયાલ સોનેરીયા બ્લોક સામે ભારત એસ્ટેટ દુકાન નંબર-૨ માં શ્રી લક્ષ્મી મેડીકલ એન્ડ હોલસેલ નામની દુકાનના શટર ઉંચા કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી લેપટોપ કિમત રૂપિયા ૫000/- અને કેશ કાઉન્ટરના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૧,૪00/- મળી કુલ રૂપિયા ૪૬,૪00/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

**દાણીલીમડાઃ** આરિફ અબ્દુલ રહીમ (રહે. એ મોહમદી સોસાયટી શાહઆલમ દાણીલીમડા) એ તા.૨૪/૧૨/૨૦૨૦ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૨૦ રાતના ૮/00 થી તા.૨૪/૧૨/૨૦૨૦ બપોરના ૨/00 વાગ્યા દરમ્યાન દાણીલીમડા મકાન નંબર ૪03/૪ મુઝ મઇન હાઇટ્સ-૧ મદીના મસ્જીદ સામે દાણીલીમડા ગામ ખાતેથી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૮૪,000/- સોનાની વિંટી નંગ-૧ કિમત રૂપિયા ૪૫00/-, સોનાનો દોરો કિમત રૂપિયા ૭૫00/- મળી કુલ કિમત રૂપિયા ૯૬,000/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૭/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** મુકેશભાઇ રમણલાલ લબાના (રહે. શક્તિવન-૪૦ હોમટાઉન સામે થલતેજ) એ તા.૧૭/૧૨/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગે થલતેજ ભાવિક સ્કુલ સામે આલોક બંગ્લોઝની બહાર પોતાની ઇકો ગાડી નંબર જીજે ૦૧ કેડબલ્યુ ૧૩૮૮ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૧૨/૨૦૨૦ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મુકેશભાઇ લબાનાએ તા.૨૪/૧૨/૨૦૨૦ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**શાહપુરઃ** મોહમંદસાજીદ ઇબ્રાહીમભાઇ શેખ (રહે. મુન્સીની ગલી ડબગરવાડ ક્રોસલેન ચારવાડ દરીયાપુર) એ તા.૨૩/૧૨/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગે મિરઝાપુર કોર્ટની સામે કામા કોમ્પ્લેક્ષના ગેટ આગળ બલેનો કાર નંબર જીજે ૦૧ એચએક્સ ૫૪૩૭ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૧૨/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મોહમંદસાજીદ શેખ એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૮/૨૦૨૦**

**દાણીલીમડાઃ** લુબનાબાનુ સોહીલભાઇ નાથાણી (ઉ.વ.૧૮) (રહે. બી-૨ ગાયત્રી સોસાયટી પટેલ વાસ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૪/૧૨/૨૦૨૦ સવારના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

**અમરાઇવાડીઃ** પ્રવીણભાઇ ઉમેદભાઇ પટેલ (ઉ.વ.૪૮) (રહે. રણછોડ કોલોની અજય ટેનામેન્ટ વિભાગ-૪ પાછળ અમરાઇવાડી) એ બેકારીથી કંટાળી તા.૨૩/૧૨/૨૦૨૦ બપોરના ૨/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં ચાદર અને દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી